અપીલ અરજી નં.૨૩૭ તા .૨૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૨૩–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા. ના હદવાળા વિસ્તારમાં કોઈ પણ કરદાતા મિલ્કત બાંધકામ કરવા માટે સુ.મ.ન.પા. ના એપ્રુવલ આર્કીટેક એન્જીનીયર પાસે પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.ન.પા. માં રજુ કરે અને એ પ્લાન મંજુર થઈ ગયા બાદ મિલ્કતદાર ગેરકાયદેસર બાંધકામ કરે તે બાંધકામને રેગ્યુલર કરવા માટે આર્કીટેક એન્જીનીયર રીવાઈઝ પ્લાન બનાવી મંજુરી માટે મુકે અને સુ.મ.ન.પા. એ પ્લાન માન્ય ન રાખે તો તે આર્કીટેક એન્જીનીયર રાજીનામું મુકી પોતાની જવાબદારીમાં થી છટકી શકે રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો વિ.મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૭/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૨૩–૫–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા. ના હદવાળા વિસ્તારમાં કોઈ પણ કરદાતા મિલ્કત બાંધકામ કરવા માટે સુ.મ.ન.પા. ના એપ્રુવલ આર્કીટેક એન્જીનીયર પાસે પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.ન.પા. માં રજુ કરે અને એ પ્લાન મંજુર થઈ ગયા બાદ મિલ્કતદાર ગેરકાયદેસર બાંધકામ કરે તે બાંધકામને રેગ્યુલર કરવા માટે આર્કીટેક એન્જીનીયર રીવાઈઝ પ્લાન બનાવી મંજુરી માટે મુકે અને સુ.મ.ન.પા. એ પ્લાન માન્ય ન રાખે તો તે આર્કીટેક એન્જીનીયર રાજીનામું મુકી પોતાની જવાબદારીમાંથી છટકી શકે રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો વિ.મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબતે નં. સે.ઝોન./આરટીઆઈ/આઉટ નં.૪૬૩ તા. ૨૪–૬–૧૧, વેસ્ટઝોન/આઉટવર્ડ/ નં.૨૬૩ તા. ૨૭–૬–૧૧ , નોર્થઝોન/આઉટ /નં.૨૩૯૩ તા. ૧૧–૭–૧૧, ટીડીઓ/ ૧૫૩ તા.૧૫–૭–૧૧ અને વરાછાઝોન/આરટીઆઈ/આઉટ/નં.૨૩૦ તા. ૨૮–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી તથા ઉધનાઝોન, લીંબાયતઝોન અને અઠવાઝોન તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા સાથે ડી.સી.આર જોગવાઈની નકલ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૮ તા.૬–૯–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી તબદીલી બાદ દિન –૩૦માં મળી નથી તથા મળેલ કિસ્સામાં દિન–૩૦ની અવધિ બાદ કરેલ અપીલ માટે વિલંબિત અપીલ માટે વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૫૮૪ તા.૧૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૯૪ તા.૧૬–૬–૧૧ થી તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૬૩ તા.૨૭–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭૨૫ તા.૧૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન ખાતેથી તબદીલ કરેલ પત્રની નકલ, અઠવાઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૩૯ તા.૧૪–૭–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ

છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૦ તા.૧૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, વરાછાઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડવા તપાસણીના પ્રસ્તાવ કરતો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૩૦ તા.૨૮–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને પાઠવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૪ તા.૨૪–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯ તા.૨૩–૯–૧૧ થી પૂરક વિગતોમાં મંજુરી વિકાસ નિયંત્રણ નિયમોના નિયમ ૯(૩)(૨) (સી) અને ૯ (૩) (૩)(સી)ની નકલ , મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોનની તબદીલ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/૯૬૯ તા.૨૭–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૫૩ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૦૦૬ તા.૧૧–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત, મંજુરી વિકાસ નિયંત્રણ નિયમોના નિયમ ૯(૩)(૨) (સી) અને ૯ (૩) (૩)(સી)ની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૩૯૩ તા.૧૧–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે લીંબાયતઝોન અને ઉધનાઝોન તરફથી કોઈ વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૨–૯–૧૧ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીથી સુરત મહાનગપાલિકાના હદ વિસ્તારમાં કોઈ બાંધકામ માટે આર્કી. ધ્વારા પ્લાન મંજુરી માટે અને ગેરકાયદેસર બાંધકામ કરી રીવાઈઝડ પ્લાન મંજુરી માટે મુકે અને સુમપા તેને માન્ય ન રાખે તો આર્કી. રાજીનામુ મુકી પોતાની જવાબદારીમાંથી છટકી શકે અને તેવા રાજીનામા મુકેલ આર્કી. ની યાદીની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૯૪ તા.૧૬–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામઝોનને નિયત સમય અવધિ બાદ વિલંબથી તબદીલ કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૯૬૯ તા.૨૭–૬–૧૧ થી સંપૂર્ણ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૫૩ તા.૧૫–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૦ તા. ૨૮–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૩૯ તા.૧૪–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૨૬૩ તા.૨૭–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ સેલ/૪૬૩ આ.નં.તા.૨૪–૬–૧૧ નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૩૯૩ તા.૧૧–૭–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં. (૧) સુ.મ.ન.પા. ના હદવાળા વિસ્તારમાં કોઈ પણ કરદાતા મિલ્કત બાંધકામ કરવા માટે સુ.મ.ન.પા. ના એપ્રુવલ આર્કીટેક એન્જીનીયર પાસે પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુ.મ.ન.પા. માં રજુ કરે અને એ પ્લાન મંજુર થઈ ગયા બાદ મિલ્કતદાર ગેરકાયદેસર બાંધકામ કરે તે બાંધકામને રેગ્યુલર કરવા માટે આર્કીટેક એન્જીનીયર રીવાઈઝ પ્લાન બનાવી મંજુરી માટે મુકે અને સુ.મ.ન.પા. એ પ્લાન માન્ય ન રાખે તો તે આર્કીટેક એન્જીનીયર રાજીનામું મુકી પોતાની જવાબદારીમાંથી છટકી શકે રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સુડાના મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનયમ–૨૦૦૫ માં આર્કી./એન્જી. ની રાજીનામુ મુકવાની જોગવાઈ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી જીડીસીઆર આધારીત આર્કી. ની ફરજો અને જવાબદારીની માહિતીની નકલ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૪/– ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૩૧૧૩૨૬ તા.૩૦–૬–૧૧ થી નાણા ભરપાઈ કરેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આરટીઆઈ એકટ અન્વયે કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ દફતરી માહિતી માંગણી ન કરી પ્રશ્નોતરરૂપ સવાલ કરેલ છે જેથી આરટીઆઈ એકટની જોગવાઈ અનુસાર સવાલનો જવાબ આપવાનો થતો નથી. તેવું જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૫૩ તા.૧૫–૭–૧૧ થી આર્કી./એન્જી. ની ફરજો અને જવાબદારીઓ મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો–૨૦૦૪ ના નિયમ–૯.૩.૨ (સી) તથા ૯.૩.૩ (સી) થી નિયત કરવામાં આવેલ છે. જેની નકલ નકલ ફી ના રૂા.૬/– શહેર વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી આપી શકાશે. જે અંગે અરજદારે રસીદ નં.૩૧૨૪૧૬ તા.૫–૭–૧૧ થી રૂા.૬/– થી નાણા ભરપાઈ કરેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તા.૧–૮–૧૧ ના રોજ ઈન્સ્પેકશન કરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સંપૂર્ણ અરજી તબદીલ કરવામાં આવેલ છે.

મુદ્દા નં.૨ સુમનપામાં છેલ્લા પાંચ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે આર્કી. એન્જી. ની રાજીનામાની કુલ્લ સંખ્યા જણાવી તેમજ નામોની યાદી પણ આપવી રેકર્ડ આધારીત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી માંગ્યા મુજબની માહિતી અંગે સેન્ટ્રલઝોન કક્ષાએ કોઈ યાદી ઉપલબ્ધ ન હોય

સદરહુ માહિતી બાબતે ડીસ્પેચ વિભાગ સેન્ટ્રલઝોનમાં તા.૨–૭–૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ચકાસણી કરી જવી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી રાંદેરઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા સદર માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી કક્ષાએથી આ પ્રકારનો કોઈ રેકર્ડ /માહિતી રાખવામાં આવતી નથી જેથી માહિતી સ્વરૂપે વિગતો ઉપલબ્ધ ન હોઈ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૨ અંગે વરાછાઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા ચાલુ ઓફિસ સમય દરમ્યાન તા.૧–૮–૧૧ થી સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે હાજર રહેવા આપશ્રીને આ પત્રથી જણાવવામાં આવે છે. દફતરી ચકાસણી માહિતી અધિકારી અધિનિયમ અન્વયેના નિયમનુસાર કરવાની રહેશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૨ અન્વયે અઠવાઝોનના રેકર્ડ મેન્યુઅલ પર આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સંપૂર્ણ અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ વરાછાઝોનના જાહેર માહિતી અધિકારી આપેલ માહિતી સામે ૩૦ મા દિવસે તે સિવાયના તમામ જાહેર માહિતી અધિકારી સામે વિલંબિત અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ અરજીના વિલંબ અંગે વાજબીપણું રજૂ કરવા આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણા માટે જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીની તબદીલી બાદ દિન–૩૦ માં મળી નથી તથા મળેલા કિસ્સામાં દિન–૩૦ ની અવધિ બાદ કરેલ અપીલ બાબતે વાજબીપણુ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અપીલ અરજીમાં તે જણાવવા અરજદાર સફળ રહેલ નથી.

જેમાં અરજદારે અપીલના આધાર તરીકે મુદ્દા નં.(૧) માહિતી અધૂરી ખોટી અને ગેરમાર્ગે દોરાવનાર માહિતી આપવામાં આવેલ છે (૨) જાહેર માહિતી અધિકારીએ સુડાના મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૫ માં આર્કી./એન્જી. રાજીનામું મુકવાની જોગવાઈ છે જે ખોટું છે. તેવી રજૂઆત કરી બીપીએમસી એકટ અને જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન મુજબ એન્જી. ની જવાબદારી આવે છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે મુળ અરજીમાં કોઈ કાયદાકીય જોગવાઈ ના સંદર્ભે માહિતી માંગેલ નથી. વધુમાં અરજદારે બીજા બે કાયદાઓ મુજબ આર્કી. ની જવાબદારી માટે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અને જે અંગે જીઅડીએસઆર મુજબની માહિતી પણ રાંદેરઝોન તરફથી જણાવેલ છે. તેમજ મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૪ના નિયમ ૯.૩.૨ (સી) અને ૯.૩.૩ (સી) અંગે પણ માહિતી આપેલ છે. (૩) સેન્ટ્રલઝોનની માહિતીમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી બીજી બાજુ ડીસ્પેચ વિભાગમાં તપાસ કરવાનું જણાવેલ છે તે ખોટુ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટ જણાવેલ છે કે માંગ્યા મુજબની માહિતીની યાદી કોઈ ઉપલબ્ધ ન હોઈ ડીસ્પેચ ઉપર તેની ચકાસણી કરવા જણાવેલ છે. (૪) રાંદેરઝોનના રૂા.૪/– માહિતી માટે ભરેલ હોવા છતાં માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની રજૂઆત નાણા ભર્યા છે. પરંતુ નાણાની રસીદ રજૂ કરી લાગત અધિકારીનો સંપર્ક કરેલ છે કે કેમ? તેવી બાબતે અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડેલ નથી. (૫) રાંદેરઝોનના મુદ્દા નં.૨ માં માહિતી આપેલ છે કે જે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તે ખરેખર ખોટુ છે જેમાં અરજદારે પ્લાન મંજુર કરવામાં આવે કે રેકર્ડ ઉપર હોય રેકર્ડ ઉપર તપાસ કરીને સાચી માહિતી આપી શકતા નથી . જેમાં અરજદારની રજૂઆત ખોટી છે અરજદારે પ્લાન મંજુરનો રેકર્ડ માંગેલ નથી પરંતુ આર્કી./એન્જી. ના રાજીનામાની સંખ્યા માંગેલ છે અને જે રેકર્ડ ચકાસણી કરતાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૬) કતારગામઝોન તરફથી જાહેર માહિતી અધિકારીએ માહિતી માંગેલ નથી જે પ્રશ્ન લાગતો નથી તેવું કયા આધારે માહિતીનો પ્રશ્ન લાગત નથી તેવું જણાવેલ છે. તેવું અરજદારને મુદ્દા નં.૧ બાબતે જણાવેલ છે જે અંગે પૂરક વિગતોમા ડીસીએસઆરની જોગવાઈઓની નકલ અત્રે રજૂ કરેલ છે. (૭) કતારગામ ઝોને મુદ્દા નં.૨ માં રેકર્ડ ચકાસણી કરતાં છેલ્લા ૫ વર્ષમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ આર્કી./એન્જી.રાજીનામુ આપ્યુ હોય તેમ જણાતું નથી. તેવું સ્પષ્ટ જણાવેલ છે. (૮) મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં રૂા.૬/– માહિતી માટે ભરેલ હોવા છતાં માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની રજૂઆત નાણા ભર્યાની છે. પરંતુ નાણાની રસીદ રજૂ કરી લાગત અધિકારીનો સંપર્ક કરેલ છે કે કેમ? તેવી બાબતે અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડેલ નથી. (૯)માં અરજદારે મંજુર પ્લાન બાબતના રેકર્ડની વાત કરેલ છે જે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૧૦) ઉધનાઝોન તથા લીંબાયતઝોન તરફથી માહિતી મળેલ નથી જે બાબતે લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/લીંબાયત/૯૬૯ તા.૨૭–૬–૧૧ થી સદર માહિતી અરજી સંપૂર્ણ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જયારે ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડેલ હોય તેવું જણાતું નથી. (૧૧) અરજદારે વરાછાઝોન તરફથી આપેલી માહિતીનો તા.૧–૮–૧૧ ના રોજ હાજર રહેવા જણાવેલ જેમાં તા.૩–૮–૧૧ ના રોજ વાંધા અરજી કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૪ તા.૨૪–૮–૧૧ થી પ્રત્યુત્તર આપવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે અલગ અલગ ટીપી વાઈઝ રેકર્ડ મેનેજ કરવામાં આવેલ હોય દફતરી ચકાસણી કરવા જણાવેલ છે. જે કાયદા સાથે સુસંગત છે.

જે બાબતે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૭૪૮ તા.૬–૯–૧૧ થી દિન–૩૦ માં નહીં મળેલી માહિતી અને માહિતી મળેલા કિસ્સામાં દિન–૩૦ ની અવધિ બાદ કરેલ અપીલ બાબતે વાજબીપણુ રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદારે તેમની તા.૧૨–૯–૧૧ ના પત્રથી વાજબીપણુ રજૂ નહીં કરી મુદ્દા નં.૪ ,૬ અને ૮ માં પૈસા ભરવા છતાં માહિતી મળી નથી તેવી રજૂઆત અરજદારે કરેલ છે. જયારે વર્તમાનપત્ર ડી.બી.ગોલ્ડ ની નકલ રજૂ કરી અન્ય

રજૂઆત કરેલ છે. અરજદારને તેમની તા.૨૩–૫–૧૧ ની અરજીના સંદર્ભે કરેલી અપીલના વિલંબનું વાજબીપણુ રજૂ કરવા જણાવેલ. જેમાં તેઓ સફળ રહેલ નથી. વધુમાં અરજદારે તેમના તા.૩–૮–૧૧ ના પત્ર બાબતે પણ અત્રેથી આરટીઆઈ સેલ/૬૮૪ તા.૨૪–૮–૧૧ થી પર્યાપ્ત વિગતની અનુપસ્થિતિમાં ફરીયાદ અંગે કોઈ નિર્ણય હાલની વિગતોને આધારે થઈ શકે તેમ નથી. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ નિયત સમય મર્યાદાની અંદર જાહેર માહિતી અધિકારીના નિર્ણયની જાણ થઈ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ હોય તે આવી મુદત પૂરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાથી ૩૦ દિવસની અંદર અપીલ અધિકારીએ અપીલ કરવાની જોગવાઈ છે . તેવું જણાવેલ છે. જયારે અરજદારે તા.૩–૮–૧૧ વરાછાઝોને માહિતી આપી નથી તેવી રજૂઆત બાબતે વરાછાઝોન તરફથી અરજદારને તપાસણી અંગેનો પ્રસ્તાવ કરેલ છે. આથી જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવાનો એક ભાગ છે આથી માહિતી નથી મળી તેવી રજૂઆતને સમર્થન મળતું નથી. તેમજ અરજદારે પીઆઈઓના પ્રસ્તાવ અનુસાર પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગે પણ અપીલમાં કોઈ પ્રકાશ પાડેલ નથી. વધુમાં દરેક જાહેર માહિતી અધિકારીએ પોતાના ઉપલબ્ધ દફતરને ધ્યાને રાખી માહિતી આપવાનો નિર્ણય કરે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોને તેમને પૂરી પાડેલ પૂરક વિગતોમાં તેમનો અલગ અલગ ટીપી વાઈઝ રેકર્ડ રાખતા હોઈ તપાસણી માટેનો પ્રસ્તાવ કરેલ છે. જે અરજદારે મેળવી માહિતી મેળવવાની રહે છે.

અરજદારની અપીલ અરજી બાબતે રાંદેરઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસમાં નાણા ભરેલ હોવા છતાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. તેમજ ઉધનાઝોન અને લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ નથી. જયારે લીંબાયતઝોન તરફથી સંપૂર્ણ અરજી તબદીલ કરેલ છે પરંતુ મુદ્દા નં.૨ અંગેની વિગતો ઝોન કક્ષાએ ની હોવાથી અરજીની તબદીલી કાયદા સાથે સુસંગત નથી. તથા અરજદારે અપીલના મુદ્દા નં.૯ માં મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૩–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી વિલંબિત અપીલને ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને ઉધનાઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

રાંદેરઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ કચેરી તરફથી જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર અરજદારે નાણા ભરપાઈ કરેલ હોય તેની માહિતી અરજદાને પૂરી પડાયેલ ન હોઈ પૂરી પાડવા અનુક્રમે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે. અરજદારે અપીલના મુદ્દામાં મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે કાયદા અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જયારે તમામઝોન કક્ષાએથી મુદ્દા નં.૨ ની આર્કીટેકટના "રાજીનામા" અંગેની માહિતી અંગે અરજદાર વિલંબિત અપીલ ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ કિસ્સામાં ફી ભરપાઈ કરી દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે તમામ જાહેર માહિતી અધિકારીઓને તેની અમલવારી દિન–૭ માં કરી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),....જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ,